# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-06-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

****************************************************

**1)** **વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજથી ફ્રાન્સ, યુરોપિય સંઘ અને બેલ્જિયમની સાત દિવસની સત્તાવાર મુલાકાતે**

**2)** **રાષ્ટ્રીય તપાસ સંસ્થા-NIA એ ગયા વર્ષે મણિપુરમાં સુરક્ષા દળો પર થયેલા ઘાતક હુમલા મામલે ત્રણ બળવાખોરોની ધરપકડ કરી**

**3)** **બિહારે આયુષ્માન ભારત ડિજિટલ મિશન અમલીકરણમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો**

**4)** **આકાશવાણીએ આજે પોતાની સેવાના 90 વર્ષ પૂર્ણ કર્યા**

5) **ફ્રેન્ચ ઓપન ટેનિસ 2025 માં, ઇટાલિયન જોડી સારા એરાની અને જાસ્મીન પાઓલિનીએ મહિલા ડબલ્સનો તાજ જીત્યો**

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# EAM-EUROPE-VISIT

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજથી ફ્રાન્સ, યુરોપીય સંઘ અને બેલ્જિયમની સાત દિવસની મુલાકાતે છે. ડૉ. જયશંકર ફ્રાન્સમાં વિદેશ મંત્રી અને યુરોપ બાબતોના મંત્રી જ્યા-નોએલ બૈરોટ સાથે ચર્ચા કરશે. ડૉ. જયશંકર પ્રથમ ભૂમધ્ય રાયસીના સંવાદમાં પણ ભાગ લેશે.

યુરોપીય સંઘની મુલાકાત દરમિયાન, ડૉ. જયશંકર યુરોપીય સંઘના ઉપપ્રમુખ કાજા કલાસ સાથે વાટાઘાટો કરશે. તેઓ યુરોપિયન કમિશનના ટોચના નેતૃત્વ અને યુરોપિયન સંસદના વરિષ્ઠ સાંસદોને પણ મળશે.

બેલ્જિયમમાં, ડૉ. જયશંકર નાયબ પ્રધાનમંત્રી અને વિદેશ મંત્રી મેક્સિમ પ્રીવોટ સાથે ચર્ચા કરશે. તેઓ બેલ્જિયમમાં ભારતીય સમુદાયના લોકો સાથે પણ વાતચીત કરશે.

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ડૉ. જયશંકરની આ મુલાકાત યુરોપીય સંઘ, ફ્રાન્સ અને બેલ્જિયમ સાથે ભારતના મૈત્રીપૂર્ણ સંબંધોને મજબૂત બનાવશે અને વિવિધ ક્ષેત્રોમાં સહયોગને વેગ આપશે.

# NIA MANIPUR ARREST

રાષ્ટ્રીય તપાસ સંસ્થા , NIA દ્વારા ગયા વર્ષે મણિપુરમાં સુરક્ષા દળો પર થયેલા ઘાતક હુમલામાં ત્રણ બળવાખોરોની ધરપકડ કરાઈ, જેમાં બે પોલીસ કમાન્ડો માર્યા ગયા હતા અને અન્ય ઘણા ઘાયલ થયા હતા. ત્રણેય લોકોએ તેમના સાથીઓ સાથે મળીને ગયા વર્ષે 17 જાન્યુઆરીના રોજ મોરેહમાં ભારતીય રિઝર્વ બટાલિયન પોસ્ટ અને સુરક્ષા દળો પર હુમલાની યોજના બનાવી તેને અંજામ આપ્યો હતો.

# CBI

કેન્દ્રીય તપાસ સંસ્થા, CBI એ આજે ઇમ્ફાલ હવાઈમથક પરથી અરંબાઈ ટેંગગોલના એક સભ્યની ધરપકડ કરી છે. તે 2023 માં મણિપુર હિંસા સંબંધિત વિવિધ ગુનાહિત પ્રવૃત્તિઓમાં સામેલ હતો. સર્વોચ્ચ અદાલતના નિર્દેશ મુજબ CBI મણિપુર હિંસાના કેસોની તપાસ કરી રહી છે. CBI એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે મણિપુરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને ધ્યાનમાં રાખીને મણિપુર હિંસાના કેસોની ન્યાયિક કાર્યવાહી મણિપુરથી ગુવાહાટી ખસેડવામાં આવી છે. અરંબાઈ ટેંગગોલના ધરપકડ કરાયેલ સભ્યને ઇમ્ફાલથી ગુવાહાટી લાવવામાં આવ્યો છે. તેને પોલીસ રિમાન્ડ માટે સક્ષમ અદાલતમાં રજૂ કરાશે.

# NCB

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો, NCB એ એમ્ફેટામાઇન દાણચોરીના કેસમાં 9 કરોડ 20 લાખ રૂપિયાની ગેરકાયદેસર રીતે હસ્તગત કરેલી મિલકતને જપ્ત કરી છે. સેફેમા અને NDPS કાયદા હેઠળ સક્ષમ અધિકારી અને વહીવટકર્તાની કચેરીએ ગયા વર્ષે ઓક્ટોબરમાં 95 કિલોગ્રામ એમ્ફેટામાઇનની મોટી જપ્તી સાથે સંકળાયેલા NCB દ્વારા જારી કરાયેલા જપ્તીના આદેશોની પુષ્ટિ કરી છે. આ ઓપરેશન NCB અને દિલ્હી પોલીસના વિશેષ ટુકડી દ્વારા સંયુક્ત રીતે હાથ ધરાયું હતું. તેણે ઉત્તર પ્રદેશના ગૌતમ બુદ્ધ નગર જિલ્લાના કાસના ઔદ્યોગિક વિસ્તારમાં એક ગુપ્ત એમ્ફેટામાઇન ઉત્પાદન પ્રયોગશાળાનો પર્દાફાશ કર્યો હતો.

અત્યાર સુધી હાથ ધરાયેલી તપાસમાં જાણવા મળ્યું છે કે મુખ્ય સૂત્રધાર દિલ્હી સ્થિત એક ઉદ્યોગપતિ છે જેને તિહાર જેલના વોર્ડન અને એક મેક્સીકન નાગરિક સહિત ચાર અન્ય આરોપીઓએ મદદ કરી હતી.

# REV AMIT SHAH-TN VISIT

તમિલનાડુમાં, કેન્દ્રીય ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે આજે DMK સરકારની જનવિરોધી નીતિઓ અપનાવવા બદલ ટીકા કરી હતી. મદુરાઈમાં પાર્ટીની એક સભાને સંબોધતા, તેમણે DMK પર 39 હજાર 775 કરોડ રૂપિયાના ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યો હતો. શ્રી શાહે કહ્યું હતું કે મોદી સરકારના છેલ્લા અગિયાર વર્ષમાં તમિલનાડુને છ લાખ 80 હજાર કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે.

શ્રી શાહે કહ્યું કે 2026માં યોજાનારી રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓમાં NDA ગઠબંધનનો વિજય થશે. તેમણે આતંકવાદીઓના માળખા પર હુમલો કરવા બદલ કેન્દ્ર સરકારની પ્રશંસા કરી.

(બાઇટ: અમિત શાહ – કેન્દ્રીય ગૃહ મંત્રી)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# CHOUHAN - DRAGON FRUIT

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે જણાવ્યું કે સરળતાથી ખેતી કરી શકાય તેવા ફળો અને પાક તરફ કૃષિનું વૈવિધ્યકરણ આ ક્ષેત્રના વિકાસ માટે જરૂરી છે. 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન' ના ભાગ રૂપે બેંગલુરુની મુલાકાત દરમિયાન શ્રી ચૌહાણે ડ્રેગનફ્રૂટની ખેતીના ફાયદાઓ પર પ્રકાશ પાડ્યો. તેમણે જણાવ્યું હતું કે ડ્રેગનફ્રૂટની ખેતીમાં રાસાયણિક ખાતરની જરૂર નથી, કારણ કે કુદરતી ખાતર તેને ઓર્ગેનિક પાક બનાવે છે.

(બાઇટ: શિવરાજસિંહ ચૌહાણ, કેન્દ્રીય કૃષિ મંત્રી)

# BIHAR-ABDM

બિહાર આરોગ્ય સંભાળમાં ડિજિટલ પરિવર્તનમાં રાષ્ટ્રીય સ્તરે અગ્રણી રાજ્ય તરીકે ઉભરી આવ્યું છે. બિહારે આયુષ્માન ભારત ડિજિટલ મિશન અમલીકરણમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. સરકારી આરોગ્ય સુવિધાઓ પર 92 ટકા ઓનલાઈન ઓપીડી નોંધણી દર અને દર્દી સેવાઓ માટે સૌથી વધુ QR કોડ સ્કેન સાથે, રાજ્ય સુલભ અને કાર્યક્ષમ જાહેર આરોગ્ય વિતરણ માટે નવા માપદંડો સ્થાપિત કરી રહ્યું છે.

રાજધાની પટનામાં આવેલું બિહારનું અત્યાધુનિક કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર આ નોંધપાત્ર પરિવર્તન હાંસલ કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી રહ્યું છે.

# REV. AKASHVANI 90 YEARS

આકાશવાણી આજે તેના 90 વર્ષ ઉજવી રહ્યું છે. 8 જૂન 1936 ના રોજ, ભારતીય રાજ્ય પ્રસારણ સેવાનું નામ બદલીને ઓલ ઇન્ડિયા રેડિયો રાખવામાં આવ્યું. આ દિવસ દેશના સાંસ્કૃતિક, માહિતી અને પ્રસારણ ઇતિહાસમાં એક વિશેષ ક્ષણને ચિહ્નિત કરે છે, જ્યાં એક અવાજનો જન્મ થયો જે પેઢીઓ સુધી ગુંજતો રહેશે. સાંભળીએ એક અહેવાલ:

(વોઇસ કાસ્ટ: 1415--ADARSH-ON-AKASHVANI-ANN)

# FRENCH OPEN

ફ્રેન્ચ ઓપન ટેનિસ 2025 માં, ઇટાલિયન જોડી સારા એરાની અને જાસ્મીન પાઓલિનીએ મહિલા ડબલ્સનો તાજ જીત્યો છે. આ જોડીએ આજે ફાઇનલમાં કઝાકિસ્તાનની અન્ના ડેનિલિના અને સર્બિયાની એલેક્ઝાન્ડ્રા ક્રુનિકને 6-4, 2-6, 6-1 થી હરાવી ટાઇટલ જીત્યું.

પુરુષ સિંગલ્સમાં, કાર્લોસ અલ્કારાઝ આજે વિશ્વ નંબર 1 જાનિક સિનરનો સામનો કરશે. અલ્કારાઝે લોરેન્ઝો મુસેટ્ટીને હરાવ્યો, જેમને તેમની સેમિફાઇનલ મુકાબલામાં પગની ઇજાને કારણે નિવૃત્તિ લેવી પડી હતી, જ્યારે સિનર સીધા સેટમાં નોવાક જોકોવિચને હરાવ્યો.

# ECI-RAHUL GANDHI

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના આરોપોનો જવાબ આપતા કેન્દ્રીય ચૂંટણી પંચે કહ્યું કે શ્રી ગાંધીએ મહારાષ્ટ્રમાં તેમના પોતાના પક્ષ દ્વારા નિયુક્ત કરાયેલા બૂથ લેવલ એજન્ટ અને મતદાન એજન્ટોની ટીકા કરી છે. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે પંચના નિર્દેશો અનુસાર, કોઈપણ ચૂંટણી અરજીમાં મતદાન મથકોના CCTV ફૂટેજની સક્ષમ વડી અદાલત દ્વારા ચકાસણી કરી શકાય છે. ચૂંટણી પંચે મતદાન મથકોના CCTV ફૂટેજ માગવા પાછળ રાહુલ ગાંધીના ઈરાદા પર પ્રશ્ન ઉઠાવ્યો, જે મતદારોની ગોપનીયતાને નુકસાન પહોંચાડી શકે છે. પંચે નોંધ્યું છે કે રાહુલ ગાંધીએ તેમને કોઈ પત્ર લખ્યો નથી કે મીટિંગ માટે કોઈ સમય માંગ્યો નથી. ચૂંટણી પંચે કહ્યું કે તે ઔપચારિક રીતે ત્યારે જ જવાબ આપશે જ્યારે રાહુલ ગાંધી તેમને યોગ્ય પ્રક્રિયાને અનુસરીને લખશે.

# ARMY CHIEF

ભારતીય સેનાના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ આજે ઉત્તરાખંડના ગઢવાલમાં તૈનાત દળોની કામગીરી અને વહીવટી સજ્જતાની સમીક્ષા કરી. દરમિયાન, શ્રી દ્વિવેદીએ સરહદોની રક્ષા કરતા સૈનિકો સાથે વાતચીત કરી હતી અને તેમના અતૂટ સમર્પણ, સ્થિતિસ્થાપકતા અને વ્યાવસાયીકરણ માટે તેમની પ્રશંસા કરી હતી. તેમણે પરિચાલન સજ્જતા અને સતત તકેદારીના ઉચ્ચ ધોરણો જાળવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

શ્રી દ્વિવેદીએ જ્યોતિર્મઠ સ્થિત પ્રથમ કોમ્યુનિટી રેડિયો સ્ટેશન, ઇબેક્સ તરાના 88.4 એફએમનું પણ ઉદ્ઘાટન કર્યું. આ સ્ટેશનની કલ્પના સ્થાનિક અભિવ્યક્તિ, જ્ઞાન વહેંચણી અને સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ માટે એક મહત્વપૂર્ણ મંચ તરીકે કરવામાં આવી છે. તેના પ્રસારણમાં શિક્ષણ, પર્યાવરણ, હવામાન, મનોરંજન, રોજગાર, આપત્તિ તૈયારી, પર્યટન, આરોગ્ય અને પરંપરાગત કળાઓ પરના કાર્યક્રમોનો સમાવેશ થશે.